# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૧/ક્વા-3/૧૯-૨૦/૮૨૭૧–b** **તા.૧૭–૧૨–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૧૧/ક્વા-3/૧૯-૨૦**

અરજદાર: સુરેશભાઈ ધનજીભાઈ સોરઠીયા ગામ: રાવકી

રજૂઆત કરનાર: અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે ગૌરાંગ કાન્તિલાલ પિત્રોડા અને તેમની સાથે અશ્વિન કે. કાનાબાર હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી એલ.કે.પરમાર પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૦૪-૧૨-૨૦૧૯ ( બુધવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૪-૧૨-૨૦૧૯ ( બુધવાર ) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

– અરજદારની અરજીમાં કરાયેલ રજુઆત મુજબ – વીજધારા–૨૦૦૩ ની કલમ –૧૨૬ અન્વયે નુ બીલ હોય – સદર કેઈસ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ના સતાક્ષેત્ર બહાર હોય – સદર કેઈસ ની નોંધણી કરાયેલ ન હતી, જેની જાણકારી અગાઉ ફોરમ ના પત્ર તા.૨૯–૦૮–૧૯ થી અરજદારને આપેલ હતી. ત્યારબાદ, અરજદાર દ્રારા લોકપાલ ઓફિસમાં કરાયેલ હતી – જે અરજી ના અનુસંધાને – લોકપાલ શ્રી ના પત્ર તા.૦૪–૧૦–૧૯ અન્વયેથી ફોરમને નોટીફિકેશન નંબરઃ ૦૨/૨૦૧૧ મુજબ – અરજદારની રજુઆત સ્લોનેસ બીલ અંગે ની હોય – યોગ્ય કાર્યવાહી કરવા જાણકારી આપેલ, જે અનુસંધાને અરજદારની અરજીની નોંધણી ફોરમમાં તા.૧૭–૧૦–૧૯ થી કરાયેલ છે.

૨.૧ અરજદાર ની રજુઆત મુજબ – એલ.ટી. વીજજોડાણ નં.– ૬૧૯૧૧/૦૦૫૮૨/૦ થી ધરાવે છે, જેમા ચેકીંગ તા.૦૧–૦૭–૧૯ ના અનુસંધાને – બીલ રૂ.૭,૩૯,૯૪૦/૬૭ નુ અપાયેલ છે. લેબોરેટરી રીપોર્ટ મુજબ – સદર મીટર અને મીટર બોકસ ના સીલ યથાવત હોવા છતા – સ્લોનેસ નુ બીલ અપાયેલ છે. તેમજ, પીજીવીસીએલ દ્રારા

મીટર બોક્સ ની અંદર એવી રીતે લગાડવુ જોઈએ કે જેથી કોઈ ઉંદર જઈ શકે નહી – જેની જવાબદારી અમો અરજદાર ની રહેતી નથી. વર્ષ–૨૦૧૭ થી વર્ષ–૨૦૧૯ સુધી પીજીવીસીએલ દ્વારા ચેકીંગ કરાયેલ નથી. વધુમાં મીટર રીડર દ્વારા દર મહિને રીડીંગ લેવામા આવે જ છે. જો કોઈ શંકા જતી હોય તો સબંધક ઓફિસમા રીપોર્ટ કરી શકે છે. આમ, પીજીવીસીએલ દ્વારા જીઈઆરસી ના નિયમ મુજબ – દર ૦૬ માસે અરજદાર નુ મીટર ચેક કરેલ નથી. આમ– એકી સાથે સ્લોનેસ નુ બીલ આપેલ હોય – જેથી – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 **પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે-** ગ્રાહક શ્રી સુરેશભાઇ ધનજીભાઇ સોરઠીયા (વિશાલ ફાઉન્ડ્રી) ને તેઓના વીજ જોડાણ ગ્રાહક નંબર ૬૧૯૧૧/૦૦૫૮૨/૦ માં તા.૧.૭.૧૯ ના રોજ થયેલ ચેકિંગ અન્વયે આપવામાં આવેલ સ્લોનેસ બિલ રૂા.૭૩૯૯૪૦.૬૭ અંગેની રજુઆત નીચે મુજબ છે.

- અરજદાર પારડી પેટા વિભાગીય કચેરીમાં રાવકી મુકામે સુરેશભાઇ ધનજીભાઇ સોરઠીયા (વિશાલ ફાઉન્ડ્રી) નામે ગ્રાહક નંબર ૬૧૯૧૧/૦૦૫૮૨/૦ થી ૧૦૦ KW કરારીત વીજભાર ધરાવતુ LTMD કેટેગરીનું વીજજોડાણ ધરાવે છે.
- અરજદારના વીજજોડાણમાં તા.૧.૭.૧૯ ના રોજ કરાયેલ વીજચેકિંગ માં સ્થળ પર લગાડેલ મીટર ૩૨.૫૦ ટકા ધીમુ ફરે છે તેવુ જણાતા મીટરને તા.૧૨.૭.૧૯ ના રોજ લેબોરેટરીમાં ચકાસતા તેમાં પણ મીટર ૩૨.૫૦ ટકા ધીમુ ફરતુ જણાતા મીટરનો MRI લેતા તા.૨૮.૮.૧૭ ને ૨૨:૫૪ કલાકે થી ૭૭૪૯૫ KWH રીડીંગ થી R Phase 0 (ઝીરો) આવતા તે મુજબ અરજદારને સપ્ટેમ્બર-૧૭ થી જુલાઇ-૧૯ સુધીનું રૂા.૭૩૯૯૪૦.૬૭ નું સ્લોનેસનું બિલ પારડી પેટા વિભાગીય કચેરી દવારા આપવામાં આવેલ છે

3.૧ ગુજરાત ઇલેકટ્રીસીટી રેગ્યુલેટરી કમીશનના નોટીફિકેશન નં-૪/૧૫ ની કલોઝ નં-૭.૭ (The assessing officer shall assess the energy consumption as per assessment formula given in Annexure IV to this code for the entire period during which such theft of electricity has taken plance. If however, the period during which such theft of electricity has taken place cannot be ascertained such period shall be limited to 12 months immediately preceding the date of inspection. The period of assessment may be arrived at after taking into consideration the following guidelines or any combination thereof.) ની પેટા કોલમ નં-૪ (Meter reading instrument –MRI data should be considered wherever available) મુજબ આપવામાં આવેલ હોય અપાયેલ બિલ બરાબર છે.

3.૨ અરજદારને ઉપરોકત બિલ આપ્યા બાદ અરજદાર બિલ બાબતે ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટમાં રૂબરૂ રજુઆત માટે આવેલ અને MRI રીપોર્ટ માટે માંગણી કરતા કાર્યપાલક ઇજનેરશ્રી દવારા તા.૨૬.૭.૧૯ ના રોજ ઇ-મેઇલ એડેસ do.rrdomee@gebmail.com પર થી ગ્રાહકને તેઓના આઇ.ડી.નં vishalfoundryravki@gmail.com પર રીપોર્ટ ની નકલ આપવામાં આવેલ છે.

૩.૩ ત્યારબાદ અરજદારે તેઓને આપવામાં આવેલ સ્લોનેસ બિલ અંગે નામદાર વિધુત લોકપાલ સાહેબશ્રી ની કચેરીમાં રજુઆત કરતા અરજદારની અરજી અન્વયે ફરીથી ગણતરી કરતા રીવાઇઝ બિલ રૂા.૭૨૮૫૩૧.૨૧ થાય છે જે બિલ પાવરચોરીનું નહિ પરંતુ મીટર ખરેખર વપરાશ કરતા ૩૨.૫૦ ટકા ઓછો વપરાશ નોંધતુ હોય આપવામાં આવેલ બિલ ગ્રાહકે ભરવાપાત્ર હોય રદ કરી શકાય નહિ.

૩.૪ ફોરમ કમિટી મીટીંગ તા.૦૪–૧૨–૧૯ દરમ્યાન પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નીચે મુજબ ની વિગતો જણાવેલ છે.

- અરજદારના સદર વીજજોડાણમાં તા.૧.૭.૧૯ ના રોજ કરાયેલ વીજચેકિંગ ના રીપોર્ટ મુજબ – અરજદારના સદર વીજજોડાણમાથી બાજુમાં અન્ય હેતુ માટે – બિનઅધિકૃત રીતે પાવર આપેલ હોય – જે અન્વયે અરજદારને રૂ.૧,૦૨,૫૮૮/૩૫ નુ વિજળી અધિનિયમન –૨૦૦૩ ની કલમ ૧૨૬ હેઠળ નુ બીલ અપાયેલ. જે અરજદાર દ્વારા વિજળી અધિનિયમન –૨૦૦૩ ની કલમ ૧૨૭ મુજબ અપીલ કરતા – જે અન્વયે સમાધાન મુજબ કુલ રૂ.૬૬,૬૮૩/– – ભરપાઈ કરવાના થતા હોય– સદર રકમ ની ભરપાઈ અરજદારે તા.૦૧–૦૮–૧૯ ના રોજ ભરપાઈ કરેલ છે.
- આમ, સદર કેઈસ માત્ર મીટરના નોંધાયેલ ૩૨.૫% ધીમાપણા બાબતનુ પુરવણીબીલ ની તકરાર હોય – જે એમ.આર.આઈ. અહેવાલ મુજબ – માહે સપ્ટેમ્બર–૧૭ થી મીટર ધીમુ ફરતુ હોય – જે પુરવણીબીલ ની રકમ રૂ.૭,૩૯,૯૪૦/૬૭ અરજદારે ભરપાઈ કરવાને પાત્ર છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની અરજી તા.૧૪–૦૮–૧૯માં કરાયેલ રજુઆત મુજબ – વીજધારા–૨૦૦૩ ની કલમ –૧૨૬ અન્વયે નુ બીલ હોય – સદર કેઈસ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ના સતાક્ષેત્ર બહાર હોય – સદર કેઈસ ની નોંઘણી કરાયેલ ન હતી, જેની જાણકારી અગાઉ ફોરમ ના પત્ર તા.૨૯–૦૮–૧૯ થી અરજદારને આપેલ હતી. ત્યારબાદ, અરજદાર દ્રારા લોકપાલ ઓફિસમાં કરાયેલ હતી – જે અરજી ના અનુસંઘાને – લોકપાલ શ્રી ના પત્ર તા.૦૪–૧૦–૧૯ અન્વયેથી ફોરમને નોટીફિકેશન નંબરઃ ૦૨/૨૦૧૧ મુજબ – અરજદારની રજુઆત સ્લોનેસ બીલ અંગે ની હોય – યોગ્ય કાર્યવાહી કરવા જાણકારી આપેલ, જે અનુસંઘાને અરજદારની અરજીની નોંઘણી ફોરમમાં તા.૧૭–૧૦–૧૯ થી કરાયેલ છે.

૪.૨ અરજદાર ની રજુઆત મુજબ –તેઓ ગામ– **રાવકી મુકામે – સુરેશભાઇ ધનજીભાઇ સોરઠીયા (વિશાલ ફાઉન્ડ્રી)** નામે એલ.ટી. વીજજોડાણ નં.– ૬૧૯૧૧/૦૦૫૮૨/૦ (૧૦૦ KW) થી તા.૧૮–૦૩–૦૮ થી ઘરાવે છે.

૪.૩ **અરજદારના વીજજોડાણમાં તા.૧.૭.૧૯ ના રોજ કરાયેલ** વીજચેકિંગ ના રીપોર્ટ મુજબ – અરજદારના સદર વીજજોડાણમાથી બાજુમાં અન્ય હેતુ માટે – બિનઅધિકૃત રીતે પાવર આપેલ હોય – તેમજ સદર વીજજોડાણ ના મીટર નો એકયુચેક લેતા – મીટર – ૩૨.૫૦% ઘીમુ ફરતુ હોય – મીટર પેટી સહીત તાત્કાલીક બદલાવીને વઘુ ચકાસણી કરવા માટે – લેબોરેટરી પરિક્ષણ કંપનીના નિયમાઘીન આગળની કાર્યવાહી કરવાની નોઘ કરેલ છે.

- ઉપરોક્ત બાબતે – વાવડી પેટા વિભાગીય કચેરી દ્રારા અરજદાર ની હાજરીમા – સદર મીટર એસ.એમ.સી. મીટર બોક્સ સહિત પર્ફોમા –૧૫ નંબરઃ આરઆરડી/૧૪૭૬/૭૨૧ મુજબ તા.૦૧–૦૭–૧૯ ના રોજ ઉતારીને નવુ મીટર ૨૦૦/૫ એમ્પીયર નું એવોન કંપનીનુ મીટર નં.– પીજી૧૬૪૦૮૯ થી મુકેલ છે. જુના મીટર ના સીરીયલ નં.– પીજી૦૭૧૧૨૦ માં છેલ્લા રીડીંગ ૯૯૨૩૧૭ KWH અને ૫૪૮૯૦૫ KVARH રીડીંગ નોંઘાયેલ છે.

૪.૪ ઉપરોકત મુદદા નં. ૪.૩ મુજબ ની વિગતે અરજદારને રૂ.૧,૦૨,૫૮૮/૩૫ નુ વિજળી અઘિનિયમન –૨૦૦૩ ની કલમ ૧૨૬ હેઠળ નુ બીલ અપાયેલ. જે અરજદાર દ્રારા વિજળી અઘિનિયમન –૨૦૦૩ ની કલમ ૧૨૭ મુજબ અપીલ કરતા – જે અન્વયે સમાઘાન મુજબ ૩૫% રાહત મંજુર કરતા – રૂ.૬૬,૬૮૩/– ના રીવાઇઝ બીલ ની જાણકારી અરજદારને તા.૦૭–૦૯–૧૯ થી લેખીત પત્ર મારફતે કરેલ છે. જે અનુસંઘાને અરજદાર દ્રારા સદર બીલ ની રકમની ભરપાઈ અરજદારે તા.૦૧–૦૮–૧૯ ના રોજ ભરપાઈ કરેલ છે.

૪.૫ ઉપરોકત મુદદા નં. ૪.૩ મુજબ ની વિગતે – સદર કેઈસ માત્ર મીટરના નોંઘાયેલ ૩૨.૫% ઘીમાપણા બાબતનુ પુરવણીબીલ ની તકરાર હોય – જે એમ.આર.આઈ. અહેવાલ મુજબ – માહે સપ્ટેમ્બર–૧૭ થી મીટર ઘીમુ ફરતુ હોય – જે પુરવણીબીલ ની રકમ રૂ.૭,૩૯,૯૪૦/૬૭ અરજદારે ભરપાઈ કરવાને પાત્ર છે.

૪.૬ ઉપરોકત મુદદા નં. ૪.૩ મુજબ ની વિગતે – બદલાવાયેલ મીટર નુ – મીટર ચકાસણી લેબોરેટરીમાં મીટર ચકાસણી માટે તા.૧૨–૦૭–૧૯ ના રોજ – હાજર રહેવા માટે અરજદારને તા.૧૦–૦૭–૧૯ ના રોજ નોટીસ પાઠવવામા આવેલ છે. જે અન્વયે – સદર મીટરનુ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં અરજદારના પ્રતિનીઘી ની હાજરીમાં તા.૧૨–૦૭–૧૯ ના રોજ – મીટર ટેસ્ટીગ કરાયેલ – જેના રીપોર્ટ મુજબ – નીચે પ્રમાણેની નોંઘ કરાયેલ છે.

- મીટર સીરીયલ નં.– પીજી૦૭૧૧૨૦
- મીટર મેઈક કંપની – સીકયુર
- રીડીગ – ૯૯૨૩૧૭ KWH

તેમજ, R-Phase CT નો મેઈન લાલ કલર નો વાયર કપાયેલ હાલતમાં છે, જે ઉંદર જેવા જીવ થી કોતરેલ હોય તે કેબલ પર જોવા મળેલ છે. જે CT ની વિગત નીચે મુજબ છે.

- CT સીરીયલ નં.– ૬૬૬૯૪/૯૫/૯૬
- CT મેઈક કંપની – પનામા
- CT રેસીઓ – ૧૦૦/૫
- ઉપરોકત CT નો લેબોરેટરી રીપોર્ટ મુજબ રેસીઓ ચકાસતા બરાબર છે.

સદર મીટરનો એમ.આર.આઈ. અહેવાલ લીઘેલ છે, તે મુજબ તા.૨૮–૦૮–૧૭ ને ૨૨.૫૪ કલાકે થી KWH ૭૭૪૯૫૫ રીડીંગ થી મીટરમાં આરફેઇઝમાં ૦ એમ્પીયર જોવા મળેલ છે. ત્યાર ના રીડીંગ થી મીટરમાં સ્લોનેસ નુ બીલ ગ્રાહક ને આપવાનુ રહેશે. તેમજ, ચેકીંગ તા.૦૧–૦૭–૧૯ ના રીપોર્ટ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૪.૭ ઉપરોકત મુદ્દા નં. ૪.૬ અન્વયે – સદર મીટરના એમ.આર.આઈ. અહેવાલ મુજબ – નોંધાયેલ ટેમ્પર્ડ પેરામીટર નીચે મુજબ છે.

Meter SR. NO. PG071120 - Events

| Event type | Occurrence date | Occurrence Time | Restoration date | Restoration Time | Duration /status (yy dd hh: mm) | Current L1 - (AMP) |
|---|---|---|---|---|---|---|
| **Current without Volts** | | | | | | |
| Current without volts-start on L3 | 03-05-15 | 19:33:20 | 03.05.15 | 20:36:30 | 1:03:10 | 46 |
| Current without volts-start on L1 | 28-05-15 | 18:17:05 | 28.05.15 | 19:42:05 | 1:25:00 | 34 |
| Current without volts-start on L3 | 28-05-15 | 18:12:55 | 28.05.15 | 19:42:05 | 1:29:10 | 34 |
| Current without volts-start on L1 | 04-06-15 | 18:49:35 | 04.06.15 | 19:20:45 | 0:31:10 | 36 |
| Current without volts-start on L2 | 04-06-15 | 18:49:35 | 04.06.15 | 19:20:45 | 0:31:10 | 36 |
| Current without volts-start on L2 | 13-07-15 | 11:00:35 | 13.07.15 | 12:25:35 | 1:25:00 | 68 |
| Current without volts-start on L1 | 29-09-15 | 5:52:35 | 29.09.15 | 6:38:15 | 0:45:40 | 30 |
| Current without volts-start on L3 | 29-09-15 | 4:15:30 | 29.09.15 | 8:13:20 | 3:57:50 | 42 |
| Current without volts-start on L2 | 30-10-15 | 2:26:55 | 30.10.15 | 8:56:45 | 6:29:50 | 64 |
| ***Current without volts-start on L2*** | ***28-08-17*** | ***22:54:00*** | ***29.08.17*** | ***8:24:45*** | ***9:30:45*** | ***0*** |
| Current without volts-start on L2 | 19-01-18 | 7:04:25 | 19.01.18 | 9:36:05 | 2:31:40 | 0 |
| **Current missing -** | | | | | | |
| Current missing - start on L2 | 15-05-19 | 13:06:25 | 16-05-19 | 8:13:25 | 19:07:00 | 0 |
| Current missing - start on L3 | 15-05-19 | 13:06:25 | 15-05-19 | 19:58:25 | 6:52:00 | 0 |
| Current missing - start on L2 | 20-05-19 | 12:04:50 | 20-05-19 | 13:09:25 | 1:04:35 | 0 |
| Current missing - start on L2 | 21-05-19 | 6:05:50 | 21-05-19 | 8:03:50 | 1:58:00 | 0 |
| Current missing - start on L2 | 21-05-19 | 12:05:30 | 21-05-19 | 13:06:20 | 1:00:50 | 0 |
| Current missing - start on L2 | 24-05-19 | 6:28:35 | 24-05-19 | 8:05:25 | 1:36:50 | 0 |
| Current missing - start on L2 | 26-05-19 | 6:16:55 | 26-05-19 | 8:05:10 | 1:48:15 | 0 |
| Current missing - start on L2 | 26-05-19 | 12:24:50 | 26-05-19 | 13:08:10 | 0:43:20 | 0 |
| Current missing - start on L2 | 29-05-19 | 8:52:00 | 30-05-19 | 8:06:15 | 23:14:15 | 0 |
| Current missing - start on L2 | 30-05-19 | 12:05:30 | 30-05-19 | 13:09:20 | 1:03:50 | 0 |
| Current missing - start on L2 | 31-05-19 | 6:05:25 | 31-05-19 | 8:16:25 | 2:11:00 | 0 |
| Current missing - start on L2 | 01-06-19 | 6:09:50 | 01-06-19 | 8:06:10 | 1:56:20 | 0 |
| Current missing - start on L2 | 01-06-19 | 12:07:10 | 01-06-19 | 13:09:00 | 1:01:50 | 0 |
| Current missing - start on L2 | 09-06-19 | 14:31:45 | 09-06-19 | 16:44:40 | 2:12:55 | 0 |
| Current missing - start on L3 | 09-06-19 | 15:24:05 | 09-06-19 | 16:42:35 | 1:18:30 | 0 |
| Current missing - start on L2 | 13-06-19 | 12:05:40 | 13-06-19 | 14:33:30 | 2:27:50 | 0 |
| Current missing - start on L2 | 13-06-19 | 17:53:00 | 14-06-19 | 8:10:10 | 14:17:10 | 0 |
| Current missing - start on L3 | 13-06-19 | 12:05:45 | 13-06-19 | 14:33:30 | 2:27:45 | 0 |
| Current missing - start on L2 | 14-06-19 | 12:32:50 | 14-06-19 | 13:11:05 | 0:38:15 | 0 |
| Current missing - start on L3 | 14-06-19 | 6:12:05 | 14-06-19 | 8:10:15 | 1:58:10 | 0 |
| Current missing - start on L2 | 15-06-19 | 7:18:40 | 15-06-19 | 8:05:20 | 0:46:40 | 0 |
| Current missing - start on L2 | 16-06-19 | 12:05:00 | 16-06-19 | 13:09:15 | 1:04:15 | 0 |
| Current missing - start on L2 | 17-06-19 | 6:59:00 | 17-06-19 | 8:04:35 | 1:05:35 | 0 |
| Current missing - start on L2 | 18-06-19 | 7:33:30 | 18-06-19 | 8:06:00 | 0:32:30 | 0 |
| Current missing - start on L2 | 21-06-19 | 7:01:35 | 21-06-19 | 8:02:00 | 1:00:25 | 0 |
| Current missing - start on L2 | 22-06-19 | 6:35:40 | 22-06-19 | 8:03:15 | 1:27:35 | 0 |
| Current missing - start on L3 | 22-06-19 | 7:25:10 | 22-06-19 | 8:00:25 | 0:35:15 | 0 |
| Current missing - start on L2 | 23-06-19 | 7:24:15 | 23-06-19 | 8:04:25 | 0:40:10 | 0 |
| Current missing - start on L2 | 23-06-19 | 12:22:10 | 23-06-19 | 13:08:45 | 0:46:35 | 0 |
| Current missing - start on L2 | 26-06-19 | 9:33:05 | 27-06-19 | 8:05:45 | 22:32:40 | 0 |
| Current missing - start on L2 | 27-06-19 | 12:07:10 | 27-06-19 | 13:06:55 | 0:59:45 | 0 |
| Current missing - start on L3 | 27-06-19 | 12:07:10 | 27-06-19 | 12:24:00 | 0:16:50 | 0 |
| Current missing - start on L2 | 29-06-19 | 7:01:15 | 29-06-19 | 8:07:05 | 1:05:50 | 0 |
| Current missing - start on L2 | 30-06-19 | 7:34:25 | 30-06-19 | 8:05:00 | 0:30:35 | 0 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Current missing - start on L2 | 30-06-19 | 12:31:45 | 30-06-19 | 13:07:40 | 0:35:55 | 0 |
| Current missing - start on L3 | 30-06-19 | 12:32:50 | 30-06-19 | 12:54:55 | 0:22:05 | 0 |
| Current missing - start on L3 | | | 12-05-19 | 18:27:35 | | 0 |

૪.૮ અરજદાર ની ફરીયાદ મુજબ સદર મીટરના નોંધાયેલ વીજવપરાશ ની વિગત પી.આર.ટી.–૧૪૫ મુજબ નીચે પ્રમાણે છે.

| Sr. No. | Year | Total consumption | Average consumption/month |
|---|---|---|---|
| 1 | 2011 | **35920** | 2993 |
| 2 | 2012 | 41010 | 3418 |
| 3 | 2013 | 95644 | 7970 |
| 4 | 2014 | 173414 | 14451 |
| 5 | 2015 | 237100 | 19758 |
| 6 | 2016 | 169701 | 14142 |
| 7 | 2017 | 136320 | 11360 |
| 8 | 2018 | 108672 | 9056 |
| 9 | 2019 up to Nov 19 | 143024 | 13002 |

૪.૯ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૬, ૪.૭ અને ૪.૮ મુજબ ની વિગતે – સ્પષ્ટ થાય છે કે – સદર મીટરના લેબોરેટરી રીપોર્ટ મુજબ – સીટીનો આરફેઇઝ કપાયેલ હોય – જે એમ.આર.આઈ. અહેવાલ મુજબ – તા. ૨૮–૦૮–૧૭ અને ૨૨.૫૪ કલાક થી મીટર બદલ્યા સુધીના સમયગાળામાં **L1** - ફેઇઝમાં **Current '' 0 ''AMP** નોંધાયેલ છે. જેના અનુસંઘાને – સદર અરજદારનો સરેરાશ વીજવપરાશ વર્ષ–૨૦૧૭ થી મીટર બદલાવ્યા સુધીમાં ઓછો નોંધાયેલ છે. જે એમ.આર.આઈ. અહેવાલ, વીજજોડાણમાં તા.૦૧–૦૭–૧૯ ના ચેકીંગ રીપોર્ટ મુજબ –સદર મીટર નો એકયુચેક લેતા – મીટર – ૩૨.૫૦% ધીમુ ફરતુ હોય અને લેબોરેટરી રીપોર્ટ સાથે સુસંગત છે. આમ, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા મીટરના ધીમાપણા અંગે નુ માહે સપ્ટેમ્બર–૧૭ થી માહે જુલાઈ–૧૯ સુધી આપવામા આવેલ પુરવણીબીલ રેકર્ડ આધારીત હોય ભરપાઈ કરવાને પાત્ર છે.

૪.૧૦ ઉપરોકત મુદદા નં. ૪.૯ મુજબ ની વિગતેનો હુકમ કરાયેલ છે.

૪.૧૧ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| **(કે. જે. મોટાણી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |

**નોંધ:**

**(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.**

**(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.**

**(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯**